# મૅટિની



કવર સ્ટોરી

નિધિ ભટ્ટ

# ફિલ્મ કે લિયે કુછ ભી...

૧૦૫ કિલો વજન વધારવાથી લઈને મસ્ક્યુલર બોડી બનાવવા સુધી

કહેવાય છે કે ફિલ્મી દુનિયામાં જો તમારો સિક્કો ચાલી ગયો તો માણસને નામ, શોહરત અને દોલત ભરપૂર મળે છે, પણ એ માટે મહેનત પણ તનતોડ કરવી પડે છે. ફિલ્મી પડદા પર આપણને જેટલી ચમક દેખાય છે, પડદા પાછળ એટલો જ પરસેવો કલાકારોએ વહાવ્યો હોય છે. ફિલ્મના પાત્રમાં ઢળવા માટે કલાકારો પોતાની બોડી ટ્રાન્સફોર્મ કરતાં પણ ખચકાતા નથી. અભિષેક બચ્ચન પણ આ સ્ટાર્સમાંથી એક છે, જેણે તેની આગામી ફિલ્મ 'બૉબ બિસ્વાસ' માટે પોતાનું વજન વધાર્યું છે.

જો તમે ફિલ્મનું ટ્રેલર જોયું હશે તો તમારા ધ્યાનમાં આવશે કે બૉબ બિસ્વાસના પાત્રમાં અભિષેક બચ્ચન ગોળમટોળ દેખાઇ રહ્યો છે. આ ક્રાઇમ થ્રિલર ફિલ્મમાં અભિષેક બચ્ચન એક કોન્ટ્રેક્ટ કિલર બૉબ બિસ્વાસની ભૂમિકામાં નજરે ચડશે. આ પાત્રમાં ઢળવા માટે અભિષેક બચ્ચને તેનું વજન ૧૦૫ કિલો જેટલું વધાર્યું હતું. આમ તો મોટા ભાગના એક્ટર્સ તેમના પાત્ર અનુસાર ઢળવા માટે પ્રોસ્થેટિકનો ઉપયોગ કરે છે, પણ અભિષેક બચ્ચને તેના પાત્રને વાસ્તવિક બનાવવા માટે પોતાનું વજન વધાર્યું હતું.

આ અંગે અભિષેક બચ્ચને એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'ફિલ્મના શૂટિંગ દરમિયાન મારું વજન ૧૦૦-૧૦૫ કિલો જેટલું થઇ ગયું હતું. ફિલ્મનાં ડિરેક્ટર સુજોય ઘોષ અને દિયા ઘોષ પ્રોસ્થેટિક્સ મેકઅપના પક્ષમાં હતાં, પણ હું સંપૂર્ણપણે તેની વિરુદ્ધ હતો. મેં એ ટ્રાય પણ કરી જોયો, કારણ કે હું બધાને ફેર ચાન્સ આપવામાં માનું છું. જોકે, હું તેનાથી ખુશ ન થયો, કારણ કે તેની સાથે મૂવમેન્ટ કરવાનું મને નહોતું ફાવતું.'

અભિષેક આગળ જણાવે છે કે જો તમે પ્રોસ્થેટિક પેટ લગાવો તો તે અંદરથી ખૂબ ખોખલું લાગે છે. મને લાગે છે કે આજકાલનું ઓડિયન્સ કોઇ પણ એક્ટરને ઓથેન્ટિક અને રિયલ લુકમાં જોવા ઇચ્છે છે. જો તમે કંઇ પણ કરીને તેમને બેવકૂફ બનાવવાની કોશિશ કરો તો તે તમને પકડી પાડે છે. ફિલ્મમાં મારો ચહેરો ગોળમટોળ દેખાય છે, જ્યારે તમે પ્રોસ્થેટિક્સ મેકઅપ કરો ત્યારે તે રિયલ દેખાતો નથી. બીજી બાજુ જો તમે પાત્ર અનુસાર વાસ્તવિકતામાં વજન વધાર્યું હોય તો તો તમારી પૂરી બોડી લેન્ગ્વેજ બદલાઈ જાય છે. પ્રોસ્થેટિક્સ મેકઅપ સાથે એક્ટિંગ કરતી વખતે એ ફીલ આવતી નથી.

એવું પહેલી વાર નથી કે અભિષેક બચ્ચને ફિલ્મ માટે થઇને પોતાનું વજન વધાર્યું હોય. અભિષેક કહે છે કે 'મેં ૧૪-૧૫ વર્ષ પહેલાં 'ગુરુ' ફિલ્મ માટે પણ વજન વધાર્યું હતું. મેં 'બિગ બુલ' માટે પણ વજન વધાર્યું હતું. આ વખતે ફરક એ છે કે મેં અલગ લેવલ પર જઇને 'બૉબ બિસ્વાસ' માટે વજન વધાર્યું છે.'

બૉલીવૂડમાં એવા ઘણા કલાકારો છે જેમણે ફિલ્મના પાત્રને યોગ્ય ન્યાય આપવા માટે આખેઆખી બોડી ટ્રાન્સફોર્મ કરી હોય. કંગના રણોટે તમિલનાડુનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દિવંગત જયલલિતાના જીવન પર બનેલી ફિલ્મ 'થલાઇવી' માટે આશરે ૨૦ કિલો વજન વધાર્યું હતું. આ ઉપરાંત કૃતિ સેનને પણ 'મીમી' ફિલ્મમાં ગર્ભવતી મહિલાના પાત્ર માટે ૧૫ કિલો વજન વધાર્યું હતું.

'રશ્મી રોકેટ' ફિલ્મમાં એથ્લીટ જેવા દેખાવ માટે તાપસી પન્નુએ મસ્કયુલર બોડી બનાવી હતી. ભૂમિ પેડણેકરે તેની ડેબ્યુ ફિલ્મ 'દમ લગા કે હઇશા' માટે છ મહિનામાં ૨૦ કિલો વજન વધાર્યું હતું. ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયા બાદ તેણે ફરી ૩૩ કિલો સુધી વજન ઘટાડી દીધું હતું.



આમિર ખાને પણ 'દંગલ' ફિલ્મ માટે પોતાનું વજન ૯૭ કિલો સુધી વધારી લીધું હતું. એ પછી આ ફિલ્મમાં એક ફિટ રેસલરની ભૂમિકા માટે તેણે આશરે ૨૮ કિલો વજન ઘટાડીને સિક્સ પેક્સ પણ બનાવ્યા હતા. 'સરબજીત' ફિલ્મ માટે રણદીપ હૂડાએ ૨૮ દિવસમાં ૧૮ કિલો વજન ઘટાડ્યું હતું.

રાજકુમાર રાવે 'બોઝ' વેબસિરીઝ માટે એટલું વજન વધાર્યું કે તેની ફાંદ બહાર આવી ગઇ હતી. આ કલાકારોનું લિસ્ટ હજુ લાંબું છે. કહેવાનો અર્થ એટલો જ કે ફિલ્મના પાત્ર માટે કલાકારો કંઇ પણ હદે જવા તૈયાર હોય છે. ■

રંગીન ઝમાને

હકીમ રંગવાલા

# 'વક્ત કી હેરાફેરી'



એક વખત એવું બન્યું, એક પત્રકારે આચાર્ય રજનીશને સવાલ કર્યો કે, 'તમે દરેક વિષયો પર બોલ્યા છો, કોઈ વિષય બાકી નથી રાખ્યો. તમે જે કઈ બોલ્યા એ બધું જ પુસ્તકોમાં સંગ્રહ થયેલું છે, પણ તમે ક્યારેય કોઈ પુસ્તક લખ્યું નથી, તો તમને ક્યારેય કોઈ પુસ્તક લખવાનું મન જ નથી થયું ? 'પત્રકારના આ સવાલના ઉત્તરમાં રજનીશજીએ કહ્યું કે, મને એક પુસ્તક લખવાની ખૂબ જ ઈચ્છા હતી અને એ માટેની સામગ્રી પણ મેં એકઠી કરેલી વરસોથી. આ પુસ્તક ''હાસ્ય'' વિષય પર હતું, પણ જ્યારે મેં પુસ્તક લખવાની શરૂઆત કરી ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ પુસ્તક તો અતિ ગંભીર પુસ્તક બની જવાનું, જવલ્લે જ કોઈ વાંચી શકશે, એટલે મેં એ પુસ્તક લખવાનું માંડી વાળ્યું.'

હાસ્ય એક એવો વિષય છે જેમાં સર્જક તો અતિ ગંભીર થઈને સર્જન કરવું પડે છે. હાસ્યના સર્જનને કોઈપણ પ્રકારના લોકો માણી શકે છે. હિન્દી ફિલ્મ 'હેરા ફેરી' ડિરેક્ટર પ્રિયદર્શને અતિ ગંભીરપણે કરેલું બહેતરીન સર્જન છે અને આ ફિલ્મ હંમેશ માટે હિન્દી ફિલ્મોમાં ક્લાસિક કલ્ટ તરીકે સ્થાન પામી છે. પ્રિયદર્શન ઉપરાંત આ ફિલ્મને ક્લાસિક બનાવી દેવામાં ખૂબ જ ટેલેન્ટેડ એવા ગુજરાતી લેખક, એક્ટર નીરજ વોરાનો બહુમૂલ્ય ફાળો છે. પરેશ રાવલની યાદગાર ભૂમિકાઓમાંની એક ભૂમિકા એટલે 'હેરાફેરી' ફિલ્મની બાબુરાવ ગણપતરાવ આપ્ટે નામનાં પાત્રની અફલાતૂન કલાકારી.

ફિલ્મમાં દરેક પાત્રની ઓળખ ધીમે ધીમે ઈન્ટરવલ સુધીમાં ઉઘડતી જાય છે હસતાં હસાવતાં અને એ પછીની ફિલ્મ જબરદસ્ત ગતિ પકડતી ક્લાઈમેક્સ તરફ આગળ વધતી જાય છે. અને ક્લાઈમેક્સમાં પણ દર્શકોને સહેજ પણ ચસકવાનો મોકો આપતી નથી. ક્લાસિક કલ્ટ ફિલ્મોને સમયના કોઈ બંધનો નડતાં નથી, આવા દરેક સર્જનો સમયના કોઈપણ કાળખંડમાં સુપરહિટ જ રહે છે. આજે આ ફિલ્મને લગભગ ૨૧ વરસ વીતી ગયાં રિલીઝ થવાને, તો પણ આજના યુવા દર્શકો જે એ વખતે જન્મ્યા પણ નહોતા તેઓ પણ આ ફિલ્મને પોતાની ફેવરિટ ફિલ્મોની યાદીમાં મૂકે છે અને એ વખતે જેઓ આધેડ ઉંમરના હતા અને આજે વૃદ્ધ અવસ્થામાં પહોંચી ગયા છે તેવા દર્શકો પણ આ ફિલ્મને પોતાની ફેવરિટ ફિલ્મોની યાદીમાં મૂકે છે.

હકીકતમાં એવું બનેલું કે નડિયાદવાળા પ્રોડક્શન એ એક મોટા બજેટની ફિલ્મ 'રફતાર' નામથી લોન્ચ કરી પ્રિયદર્શનને ડિરેક્ટર તરીકે સાઈન કરીને, સંજય દત્ત, કરિશ્મા કપૂર જેવા સ્ટાર્સ સાથે. ફિલ્મમાં એક્શનની ભરમાર હતી. ફિલ્મ સાઈન કર્યા છતાં ડિરેક્ટર પ્રિયદર્શનને અસુખ રહેતું હતું. એમને પોતે આવી એક્શન ફિલ્મ ડિરેક્ટ કરવાની પોતાની કાબેલિયત નહોતી લાગતી. પોતાની આવી હાલતની વાત પ્રિયદર્શને લેખક મિત્ર નીરજ વોરાને કરી અને એ વાત કરવા સાથે એમણે એક મલયાલમ ફિલ્મ નીરજ વોરાને બતાવી. આ મલયાલમ ફિલ્મ જોઈને નીરજ વોરા ખુશ થઈ ગયા અને પ્રિયદર્શનને લઈને ફિરોઝ નડિયાદવાળા પાસે પહોંચ્યા. ફિરોઝ સાથે નીરજ વોરાને ગાઢ દોસ્તી હતી એટલે ફિરોઝે શાંત ચિત્તે નીરજને સાંભળી લીધો. પ્રિય દર્શન આવી એક્શન ફિલ્મ કરવા અશક્ત છે એવી રજૂઆત કર્યા પછી નીરજે પોતે જોયેલી મલયાલમ ફિલ્મનું નરેશન ફિરોઝ પાસે કર્યું અને એ નરેશનથી પ્રભાવિત થઈને ફિરોઝ નડિયાદવાળાએ એક નવી ફિલ્મ બનાવવા સંમતિ આપી દીધી તરત જ અને 'રફતાર' નામની ફિલ્મ રદ કરી. આ ફિલ્મ જ હિન્દીમાં 'હેરાફેરી' નામથી બની.

મલયાલમ બ્લોકબસ્ટર ક્લાસિક કોમેડી ફિલ્મ પણ મૌલિક નહોતી! વરસો અગાઉ એક ટેલિફિલ્મ અંગ્રેજીમાં પરદેશમાં બનેલી 'સી મેન રન' નામથી. એ સુપરહિટ ટેલિફિલ્મમાં પોતાની રીતે અનેક ફેરફારો કરીને ભારતીયકરણ કરી પોતાની પહેલી ફિલ્મ બનાવેલી સિદ્દીકી નામના મલયાલમ ડિરેક્ટરે એક લાલ નામના જોડીદાર સાથે અને એ ફિલ્મ ક્લાસિક મલયાલમ બ્લોકબસ્ટર ફિલ્મ બની ગઈ. અને આ ફિલ્મ નીરજ વોરાને બતાવીને વરસો પછી એક સુપરહિટ ક્લાસિક કોમેડી હિન્દી ફિલ્મ 'હેરાફેરી ' નામથી બની ગઈ, બીજી ભાષાઓમાં પણ આ ફિલ્મની રિમેક બની છે પણ ફિલ્મ આખા ભારતમાં મશહૂર ત્યારે જ બને છે જ્યારે એ ફિલ્મ હિન્દીમાં બને છે. બાકી જો આ ફિલ્મ હિન્દીમાં ન બની હોત તો ફક્ત મલયાલી દર્શકો સુધી સીમિત રહી જાત.

અમિતાભ બચ્ચનના જીવનની એક યાદગાર ઘટના પણ આ જ નામની જૂની ફિલ્મ જે પ્રકાશ મહેરાએ બનાવેલી એની સાથે જોડાયેલી છે. પ્રકાશ મહેરાએ પોતાની ફિલ્મ 'હેરાફેરી ' મુંબઈમાં પ્રીમિયમ કરી રિલીઝ કરી એની પાર્ટીમાં મોડી રાત્રે પોતાના હાથમાં શરાબનો ગ્લાસ અને મોઢામાં સિગારેટના કશ ખેંચતા અમિતાભ બચ્ચને નિર્ણય કરી લીધેલો કે, 'બસ, હવે બહુ થઈ ગયું, આજ અને અત્યારથી જ હવે હંમેશ માટે સિગરેટ અને શરાબ બંધ ! 'આવો નિર્ણય લઈને અમિતાભે શરાબનો ગ્લાસ મૂકી દીધો અને સિગરેટ ફેંકી પાર્ટીમાંથી વિદાય લીધી. બીજે દિવસે 'હેરાફેરી' ફિલ્મનું પ્રીમિયર દિલ્હીમાં હતું અને બધા કલાકાર, કસબીઓને લઈને પ્રકાશ મહેરા દિલ્હી પહોંચ્યા, દિલ્હી હોટલમાં પહોંચીને પ્રકાશ મહેરાએ શરાબનો પેગ પોતાના માટે બનાવ્યો અને અમિતાભને આગ્રહ કર્યો ગ્લાસ લેવાનો ત્યારે અમિતાભ બોલ્યો કે, મેં તો શરાબ છોડી દીધી, તો પ્રકાશ મહેરા નવાઈથી પૂછે છે કે, ક્યારે ? ત્યારે અમિતાભે જવાબ આપેલો કે ગઈ કાલ રાતની તમારી પાર્ટીમાં જ મેં મનથી નિર્ણય કરી શરાબ અને સિગરેટ છોડી દીધા છે હંમેશ માટે !

તકદીર કા સારા ખેલ હે યે, ઔર વક્ત કી હેરાફેરી હે... પ્રકાશ મહેરાની હેરાફેરી ફિલ્મના એક ગીતના શબ્દો છે અને આ શબ્દો કમ સે કમ હિન્દી ફિલ્મોમાં સો ટકા સાચા પડતા જોઈ શકો એવા અઢળક ઉદાહરણો હિન્દી સિનેમાના પરદાની પાછળ મળી રહે છે.નીરજ વોરા થકી પોતાને મનગમતી ફિલ્મ બનાવવા મળી અને એ ફિલ્મ થકી હિન્દી ફિલ્મોમાં પોતાનું સ્થાન થયું એટલે ફિલ્મ ' હેરાફેરી' સિકવલ હેરા ફેરી ૨ માટે લેખક ઉપરાંત ડિરેક્ટર પણ નીરજ વોરા જ કરે એવો આગ્રહ પ્રિયદર્શને રાખ્યો અને નડિયાદવાળા પ્રોડક્શનના નેજા તળે જ નીરજ વોરાના ડિરેક્શનમાં સુપરહિટ સિક્વલ હેરાફેરી ૨ બની. આ ફિલ્મની વાર્તા માટે એક બ્રિટિશ ડિરેક્ટર ગાય રિચિની સુપરહિટ ફિલ્મનો આધાર નીરજે લીધેલો અને ક્ષી ફિલ્મની ધુંઆધાર કોમેડી સિક્વન્સ માટે ગ્રેટ ચાર્લી ચેપ્લિનની ફિલ્મ 'સર્કસ ' ને કેન્દ્રમાં રાખેલી. અને ફરી એક વખત સુપરહિટ કોમેડી અતિ ગંભીરતાથી બની ગઈ. ■

# ખોટા પાસવર્ડથી મામૂલી મોબાઈલ ખૂલતો નથી તો ખોટાં કર્મોથી સ્વર્ગનો દરવાજો થોડો ખૂલે?



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

માત્ર એક કોમેડી સીન સુભાષનો આવ્યો તો એવું લાગ્યું કે જાણે આખું નાટક 'બેલેન્સ' થઈ ગયું. જે ચિંતા નાટક અંગે હતી એ રિલીફની હતી. ૧૦થી ૧૨ મિનિટનો આ સીન જરૂર રિલીફ આપશે એવી આશા જન્મી ગઈ, છતાં પ્રેક્ષકો શું પ્રતિભાવ આપશે એની અધકચરી ચિંતા તો સળવળ્યા કરતી, જેનો નાટક રજૂ થાય એ પહેલાં કોઈ ઇલાજ નહોતો એ હકીકત હતી. આમ તો બધું 'લાઈન' પર આવી ગયેલું લાગતું હતું. સુખનો જાણે ઉદય થઈ ગયો હતો કે હવે રિહર્સલ શરૂ કરી શકાશે. જો સમજો તો, સુખ ભાગ્યે જ ગેરહાજર હોય છે, ફક્ત આપણે એની હાજરીની નોંધ લેતા નથી. આ સહજ સ્વભાવ હોય છે બધાનો. બાકી જે પરિસ્થિતિનો મન સ્વીકાર કરી લે બસ, એ જ સુખ હોય છે. સીન લોકોને ગમશે એવું માત્ર મેં જ નહિ, ખુદ નાટકના લેખક રમણીક લાખાણીએ પણ સ્વીકારી લીધું.

બે-ત્રણ દિવસમાં તો રિહર્સલનું ગોઠવાઈ પણ ગયું. જનરલી ઈમ્પીરિયલ સિનેમા (જે હવે નથી)ની સામે આવેલ ગલી અને ગુજરાતની બાગડોર સંભાળતો ફાર્બસ હોલ, નીચે સરસ મજાનાં પુસ્તકોની લાઇબ્રેરી, એની ઉપરનો હોલ રિહર્સલ માટે ભાડે અપાતો. એ સમયે ત્રણ કલાકનું ભાડું હતું ૧૫ રૂપિયા.

'અંજુ મંજુ મુંબઈમાં' નાટકના રિહર્સલ માટે હું જ્યારે ફાર્બસ હોલ બુક કરાવવા ગયો તો ખબર પડી કે એ તો કોઈ બીજાએ બુક કરી લીધો હતો. એ જ ગલીમાં, લાઈનસર રિહર્સલ માટે જગ્યાઓ મળી રહેતી. ફાર્બસ હોલથી જરા આગળ ચાલો એટલે જમણા હાથ પર આવે ઝીણા હોલ. એનાથી જરા આગળ વધો અને જમણી બાજુ વળી આગળ ચાલો એટલે ડાબી બાજુ આવે રોબર્ટ મની સ્કૂલ. એનાથી જરા આગળ, જમણા હાથ પર આવે વિઘરામ હોલ. જો ક્યાંય મેળ ન પડે તો રોબર્ટ મની સ્કૂલમાં તો રિહર્સલ માટે જગ્યા મળી જ જાય. ત્યાં જઈને કહો એટલે ત્યાંનો વોચમેન કોઈ પણ એક ક્લાસની બધી બેંચો ખૂણામાં ખસેડી રિહર્સલ માટે જરૂરી જગ્યા કરી આપે. મને ફાર્બસ હોલ વધુ ગમે. વિઘરામ હોલ સારો, મોકળાશવાળો, પણ વાતાવરણ 'ગ્લૂમી' લાગે.

મને ફાર્બસ હોલ ન મળ્યો એટલે આગળ આવેલા ઝીણા હોલમાં પૂછપરછ કરતાં એ હોલ મળી ગયો. સમય સાંજે ૬થી ૯. મેં પૈસા ભરી દીધા. ઘરે આવીને બધાને દિવસ, સમય અને સ્થળ જણાવી સમયસર આવી જવાનું કહી દીધું.

હું તો ખુશ હતો જ, પણ મારા કરતાં લેખક રમણીક લાખાણી વધુ ખુશ હતા. કાગળ પર લખેલી વાત તખ્તા પર સાકાર થવાની હતી. હું કેવી રીતે એ રજૂ કરીશ એની ચિંતા તો હતી જ, પણ મારાં કર્મો ઉપર મને પૂરો ભરોસો હતો. મેં કર્મો સારાં જ કર્યાં હતાં (એવું હું માનું છું). હવે નાટકની ગોઠવણી પણ સારી જ કરીશ એવો વિશ્વાસ હતો. ખોટા પાસવર્ડથી મામૂલી મોબાઈલ ખૂલતો નથી તો ખોટાં કર્મોથી સ્વર્ગનો દરવાજો થોડો ખૂલે? એટલે સારાં કર્મો કર્યાં છે તો નાટકની રજૂઆતનો સ્વર્ગસમો દરવાજો ખોલી નાખું એ વિચાર પર મનોમંથન કરતો રહ્યો.

હવે માત્ર એક પાત્ર શોધવાનું બાકી હતું 'ફૂલવાળી'. નાટકના અગ્રણી નિર્માણ-નિયામક એવા ધનવંત શાહ (જેમણે પછી મારાં ઘણાં નાટકનાં નિર્માણ-કાર્ય સાંભળ્યાં). મેં એમને વાત કરી. ફૂલવાળીના રોલ બાબત મેં સુભાષ ઠાકરને પણ વાત કરી રાખેલી કે ગિરેશ દેસાઈના ગ્રુપમાંથી કોઈ મળી જાય તો કહેજો. આમ તો આ સમસ્યા કોઈ મોટી નહોતી. આગળ જતાં, નાટકના પ્રોસેસ દરમ્યાન સોલ્વ થઈ જશે એ આશા તો હતી જ. આ નાની સમસ્યાને એક તરફ રાખી રિહર્સલનો મોટો આનંદ લેવાનો શરૂ કરી દઉં. સમય આવે સમસ્યાનો ખુદ નિકાલ આવી જશે એ સત્ય મનમાં મેં ધરબી દીધું.

બીજે દિવસે હું ૫.૩૦ વાગે ઝીણા હોલ પર પહોંચી ગયો. સમય બધાને ૬થી ૬.૧૫નો આપેલો. પંડિતજીને શૂટિંગ ન હોવાથી એ આવશે એમ એમણે મને ફોન ઉપર જણાવેલું. મનમાં થયું કે પહેલા 'રીડિંગ'માં તેઓ હશે તો આનંદ રહેશે અને એમને પણ પાત્રનો ખ્યાલ આવશે.

ધીમે ધીમે બધા આવવા લાગ્યા. રમણીક લાખાણી, રક્ષા દેસાઈ અને પૂર્ણિમા મુનસફ સાથે અને સમયસર આવ્યાં. કિશોર ભટ્ટ-જુનિયર નોકરીમાંથી છૂટીને આવ્યો. ત્યાં ૬.૨૫ થઈ કે પંડિતજી પણ આવી ગયા. ધીમે ધીમે નટવર પંડ્યા, લીલી પટેલ અને સુભાષ ઠાકર પણ આવી ગયાં.

નાનું એવું મુહૂર્ત આટોપી તરત 'રીડિંગ' શરૂ કર્યું. લીલી પટેલ અને નટવર પંડ્યાના સીનથી શરૂઆત થઈ. વાચનમાં જ બંનેએ જીવ રેડી દીધો. નાના-મોટા શબ્દો પરના વજન (મારી સમજ મુજબ) હું એમને કહેતો ગયો અને રીડિંગની શરૂઆત કરી દીધી.

એક ખાસ વાત. આટલા સિનિયર કલાકારો હોવા છતાં મારા જેવા નવાસવાના સૂચનને સંપૂર્ણ સમર્પિત. કોઈ દલીલ નહિ, કોઈ આડંબર નહિ કે ન મારા સૂચન માટે કોઈ મનદુઃખ. મારા સૂચનને હસતા મોઢે સ્વીકારતા. કોઈ વાત ખટકે તો પૂછતા. હું એમને સમજાવતો, કારણ કે તેઓ બધા આજે પ્રથમ વાર વાંચી રહ્યા હતા, જ્યારે હું તો છેલ્લા કેટલાય દિવસથી વાંચી રહ્યો હતો એટલે નાટકનો ગ્રાફ મને વધુ ખબર હોય એ સ્વાભાવિક હતું.

ત્રણેક દિવસ તો બધું બરાબર ચાલ્યું. પંડિતજી સમયસર આવતા. એક બીજા કલાકાર પણ હતા જે સમયસર તો આવતા, પરંતુ જેવા બધા આવી જાય અને રિહર્સલ શરૂ કરવા જઈએ કે એક મોટું બગાસું ખાઈને બોલે... 'બહુ કંટાળો આવે છે. આ રોજનું થઈ પડ્યું.' એક દિવસ મારાથી રહેવાયું નહિ. મેં એમને પ્રેમથી કહી દીધું કે 'તમે બગાસું ખૂણામાં જઈ ખાઈ આવો. હું સમજું છું કે કુદરતી છે એમાં આપણું કંઈ ન ચાલે, પણ બધા વચ્ચે મોટું બગાસું ખાઈને બોલવું કે 'બહુ કંટાળો આવે છે' તો સામેના બીજા કલાકારોનું મનોબળ અને દિગ્દર્શકની ક્રિયેટિવિટીને પણ બ્રેક લાગી જાય એવું મને લાગે છે.' એ પછી એમની આ એક્ટિવિટી 'રિપીટ' ન થઈ એ મારા માટે આનંદની વાત.



પંડિતજીની એમના શૂટિંગ શિડ્યુલ માટે ચિંતા રહ્યા કરતી. સીધું ચાલતું ગાડું એમના શૂટિંગને કારણે ધીમું ન પડી જાય. જોકે શરત મુજબ તેઓ શૂટિંગમાં જાય તો પણ હું કંઈ એમને રોકી શકું એમ નહોતો. આશા અને વિશ્વાસ ક્યારેય ખોટાં ન હોઈ શકે અને એ આપણા પર આધાર રાખે છે કે આપણે કોની પાસેથી આશા રાખવી અને કોના પર વિશ્વાસ કરવો. 'બહુરૂપી'ના જૂના પ્રેમબંધનને લઈ મને દેવેન્દ્ર પંડિત ઉપર પૂરો વિશ્વાસ હતો અને તેઓ બોલેલું પાળશે જ એવી દૃઢ આશા હતી.

એક દિવસ રિહર્સલ પૂરાં થયાં, લગભગ ૮.૩૦ થયા હશે. ત્યાં ધનવંત શાહ એક કુમારિકાને લઈ આવ્યા અને મને કહે, 'દાદુ, ફૂલવાળીના રોલમાં આ ચાલે?' (ક્રમશઃ)

****

***છે શિખામણ લાખ રૂપિયાની એની ના નથી,***
***આજ મારું મન કહે તે સાંભળું, તો ચાલશે?*** ■

### ડબ્બલ રિચાર્જ

એક વાર તાનસેન અને ભીખાની જુગલબંદી હરીફાઈ ગીત ગાવા માટે થઈ. તાનસેને અડધો કલાક દીપક રાગ આલાપ્યો પછી માંડ ધીરે ધીરે એક દીવો પ્રગટ્યો. પછી ભીખાનો વારો આવ્યો. ભીખાએ હજી માંડ બે લીટી ગાઈ ત્યાં તો મહેલના બધા દીવાઓ પ્રગટી ગયા. આ જોઈને તાનસેનવાળા દીવાએ બીજા દીવાઓને પૂછ્યું, 'એલા, આટલી બધી અસર?'

તો મહેલના દીવાએ કહ્યું, 'આનું આખું ગીત સાંભળવા કરતાં તો સળગી મરવું સારું.'